વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ૫-નિગમોને સીધા ધિરાણ લોન યોજના અંતર્ગત લોન આપવા અંગેની રૂ.૨૦૦.૦૦ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી બાબત. (સને ૨૦૨૫-૨૬)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2082/A-1
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ નો તા.૨૧/૦૩/૨૦૨૫નો પત્ર.

**પ્રસ્તાવના:**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગના ઈસમોને સરકારના સીધા ધિરાણ ફંડ અંતર્ગત નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકનાં પાંચ નિગમો (૧.ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ૨.ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ૩.ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ૪.ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ૫.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ)ને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવામાં આવે છે. જે માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના તા.૨૧/૦૩/૨૦૨૫ના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ૫-નિગમોને સીધા ધિરાણ લોન યોજના અંતર્ગત લોન આપવા અંગેની રૂ.૨૦૦.૦૦ કરોડની નવી બાબતની જોગવાઇને ખર્ચ કરવાની વહીવટી મંજુરી અર્થે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગના ઈસમોને સરકારના સીધા ધિરાણ ફંડ અંતર્ગત નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકનાં પાંચ નિગમો ( ૧. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ ૨. ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ ૩. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ૪. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ૫. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ) ને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા અંગેની રૂ.૨૦૦.૦૦ કરોડની નવી બાબતની જોગવાઈને નીચેની શરતોને આધીન નીચે મુજબની નિગમવાર જોગવાઇ મુજબ ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | જોગવાઈ<br>( રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૧૫.૦૦ |
| ૨. | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૪૮.૦૦ |
| ૩. | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧૦૦.૦૦ |
| ૪. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૧૨.૦૦ |
| ૫. | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૫.૦૦ |
| | કુલ | ૨૦૦.૦૦ |

**શરતો:-**

1. સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
3. ઓનલાઈન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.
5. વિભાગે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
8. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (05:53 PM)
File No: SJED/MSM/e-file/17/2024/2082/A-1 Section
Approved By: Joint Secretary,A-1 Section,SJED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

9. પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-May-2025 (05:53 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ.
- મેનજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫.